# Prime Minister’s bilateral meeting with Prime Minister of Bangladesh Sheikh Hasina

March 27, 2021

---

# બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સાથે વડાપ્રધાનની દ્વિપક્ષીય મંત્રણા

માર્ચ 27, 2021

આજે 27 માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વડાપ્રધાન શેખ હસીનાએ પહેલાં મર્યાદિત અને પછી ડેલિગેશન સ્તરના સ્વરૂપમાં વિસ્તૃત મંત્રણા કરી હતી. તેમણે વિવિધ ક્ષેત્રમાં થયેલી પ્રગતિની સ્થિતિ જાણી હતી જેમાં 1971ના વારસાની જાળવણી, વ્યાપાર, વાણિજ્ય અને જોડાણ, જળસ્ત્રોતમાં સહકાર, સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રે સહકાર, વીજળી અને ઉર્જા ક્ષેત્રે સહકાર સામેલ હતા.
બંને વડાપ્રધાનોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બિગ ડેટા, ફિન ટેક અને અણુ ઉર્જાના સામાજિક ઉપયોગ જેવા નવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને પ્રોત્સાહન આપ્યું હતું. બંને દેશો વચ્ચે યુવાઓના આદાનપ્રદાનને પ્રોત્સાહિત કરવા સહમતી સાધવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની સ્ટાર્ટઅપ અને ઈનોવેશન સિસ્ટમ સાથે જોડાવા અને વેન્ચર કેપિટાલિસ્ટ્સને મળવા માટે બાંગ્લાદેશના 50 યુવા ઉદ્યોગસાહસિકોને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું.

દિલ્હી યુનિવર્સિટીમાં બંગબંધુ ચેરની સ્થાપના, બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ અને અધિકારીઓને ભારત તરફથી 1000 “સુબર્નો જયંતિ સ્કોલરશિપ”, આ વિશેષ વર્ષમાં શાદીનોતા શોરોક ખુલ્લી કરવી અને 19 દેશોમાં સંયુક્ત સ્મૃતિ પ્રવૃત્તિઓ યોજવાના મહત્ત્વપૂર્ણ નિર્ણય પણ લેવાયાં હતાં.

બંને દેશના વડાપ્રધાનોએ આ મહત્ત્વના પ્રસંગે પોતપોતાના દેશ દ્વારા બહાર પાડવામાં આવેલી ટિકિટનું અનાવરણ કર્યું હતું. બંને પક્ષ 06 ડિસેમ્બરની “મૈત્રી દિવસ” તરીકે ઉજવણી કરવા સહમત થયા હતા જે દિવસે ભારતે સત્તાવાર રીતે બાંગ્લાદેશને માન્યતા આપી હતી. વડાપ્રધાને બાંગ્લાદેશના સ્વતંત્રતા યુદ્ધમાં ભારતીય સૈનિકોએ આપેલા યોગદાનના સન્માનમાં બાંગ્લાદેશ (અશુગંજ, બ્રહ્માબારિયા)માં એક વોર મેમોરિયલ સ્થાપવા બદલ વડાપ્રધાન શેખ હસીનાનો આભાર માન્યો હતો.

બંને વડાપ્રધાનોએ રૂપૂર પાવર ઈવેક્યુએશન પ્રોજેક્ટના કુલ 8માંથી પાંચ પેકેજનું શીલારોપણ પણ કર્યું હતું, ત્રણ બોર્ડર હાટ અને કુથિબારીમાં રબિન્દ્ર ભવન સુવિધાનું ઉદઘાટન કર્યું હતું. લોકોની વચ્ચે જોડાણને વધુ મજબૂત બનાવવા બંને પક્ષો તાજેતરમાં પુનઃસ્થાપિત થયેલા 1965 પહેલાની ચિલાહાટી હલ્દીબારી લિંક પર ન્યુ જલપાઈગુરી અને ઢાકા વચ્ચે એક પ્રવાસી ટ્રેન- મિતાલી એક્સપ્રેસ દોડાવવા પણ સહમત થયા છે.

આરોગ્ય ક્ષેત્રમાં સહકારને સુદૃઢ બનાવવા અને બાંગ્લાદેશે દર્શાવેલી જરૂરિયાતોના આધારે ભારતે બાંગ્લાદેશને 109 લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ ભેટમાં આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ વડાપ્રધાન શેખ હસીનાને પ્રથમ એમ્બ્યુલન્સની ચાવી આપી હતી. વડાપ્રધાન શેખ હસીનાએ 102 લાખ રસીઓ આપવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો હતો જેમાંથી 32 લાખ રસી બાંગ્લાદેશના લોકોને ભેટ તરીકે આપવામાં આવી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ, વ્યાપારના સુધારણા પગલાં, વિકાસ પ્રોજેક્ટ તથા બંને દેશોના એનસીસી  સહિત કુલ પાંચ (05) એમઓયુ પર સહી કરવામાં આવી હતી.

સહકારના ક્ષેત્રોને નિર્ધારિત કરતું એક વિગતવાર સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું છે જે https://www.mea.gov.in/bilateral-documents.htm?dtl/33746/ પર જોઈ શકાય છે.

**ઢાકા**
**27 માર્ચ 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.